# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2025** **Midday : 1.20 to 1.30**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, “ગામના લોકોને ગરિમામયી જીવન આપવું એ અમારી સરકારની પ્રાથમિકતા.”
2. ભારતમાં ગ્રામીણ ગરીબીનો દર નાણાકીય વર્ષ 2023-24માં નોંધપાત્ર રીતે ઘટીને 4.86 ટકા થયો.
3. પોખરણ પરમાણુ પરિક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવનારા દેશના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર ડૉક્ટર રાજગોપાલ ચિદમ્બરમનું અવસાન.
4. ઉત્તર ભારતના કેટલાક ભાગમાં તીવ્ર ઠંડી અને ગાઢ ધુમ્મસથી સામાન્ય જનજીવન અસરગ્રસ્ત.
5. ઓડિશામાં ઇન્ડિયન સુપર લીગ ફૂટબૉલ ટૂર્નામેન્ટમાં આજે ઓડિશા એફ.સી એફ.સી. ગોઆ સામે રમશે.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM GRAMEEN MAHOTSAV -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગામડાઓને વિકાસ અને તકના જીવંત કેન્દ્રોમાં પરિવર્તિત કરીને ગ્રામીણ ભારતને સશક્ત બનાવવાના સરકારના લક્ષ્યાંક પર ભાર મૂક્યો હતો. નવી દિલ્હીમાં ગ્રામીણ ભારત મહોત્સવ 2025નો પ્રારંભ કરાવતા શ્રી મોદીએ જણાવ્યું કે, વર્ષ 2014થી સરકાર ગામડાઓના લોકોને ગૌરવમયી જીવન આપવાની પ્રાથમિકતા સાથે ગ્રામીણ ભારતની સતત સેવા કરી રહી છે.

શ્રી મોદીએ ઉમેર્યું કે, સ્વચ્છ ભારત અભિયાન, પ્રધાનમંત્રી આવાસ યોજના, જલ જીવન મિશન સહિત સરકારના પ્રયાસનો હેતુ ગ્રામીણ વિસ્તારના લાભ અને વિકાસનો છે. તેમણે કહ્યું, એક લાખ 50 હજારથી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરો દ્વારા લોકોને વધુ સારી આરોગ્ય સેવાઓ મળી રહી છે.

(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – આયુષ્માન મંદિર)

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ગરીબ, ખેડૂતો, યુવાનો અને મહિલાઓના વિકાસ અને આર્થિક સશક્તિકરણ માટે અનેક યોજના અમલમાં મુકવામાં આવી છે.

(બાઈટઃ નિર્મલા સીતારમણ, કેન્દ્રીય નાણામંત્રી)

## PM GRAMEEN MAHOTSAV-2

ભારત મંડપમ્ ખાતે ‘વિકસિત ભારત 2047 માટે આત્મનિર્ભર ગ્રામીણ ભારતનું નિર્માણ’ના વિષયવસ્તુ સાથે યોજાયેલો ગ્રામીણ ભારત મહોત્સવ નવ જાન્યુઆરી સુધી ચાલશે. આ મહોત્સવનો ઉદ્દેશ ગ્રામીણ પાયાના માળખાને મજબૂત બનાવવા, આત્મનિર્ભર અર્થવ્યવસ્થાના નિર્માણ અને ગ્રામ્ય સમુદાયોમાં નવીનતાને પ્રોત્સાહિત કરવાનો છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ શિલ્પકારો સાથે પણ સંવાદ કર્યો હતો.

આ મહોત્સવમાં જીવંત પ્રસ્તુતિઓ અને પ્રદર્શનના માધ્યમથી ભારતની સમૃદ્ધ ધરોહરનું પ્રદર્શન કરાશે. દરમિયાન સરકારી અધિકારી, ગ્રામીણ ઉદ્યોગસાહસિકો, શિલ્પકાર અને વિવિધ ક્ષેત્રોના હિતધારકો સહયોગી તેમજ સામૂહિક ગ્રામીણ પરિવર્તન માટેની રૂપરેખા તૈયાર કરશે. આ આયોજનનો ઉદ્દેશ ઉત્તર-પૂર્વ ભારત પર વિશેષ ધ્યાન આપીને ગ્રામીણ લોકોની આર્થિક સ્થિરતા તેમજ નાણાકીય સલામતીને પ્રોત્સાહિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . .

## PM-AJMER-CHAADAR

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી વતી લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ આજે અજમેરમાં સૂફી સંત ખ્વાજા મોઇનુદ્દીન હસન ચિશ્તીની દરગાહ પર ચાદર અર્પણ કરશે. બુધવારથી શરૂ થયેલા ખ્વાજા ગરીબ નવાઝનો 813મો ઉર્સ, ચાદર અર્પણ કરવા સહિત દરગાહ પર શ્રદ્ધાંજલિ આપવાની શરૂઆત થઇ છે. શ્રી રિજિજુ દરગાહ પર એક વેબ-પોર્ટલ અને એપ્લિકેશનનું પણ લોકાર્પણ કરશે. તેના દ્વારા યાત્રિકો ખ્વાજા ગરીબ નવાઝના જીવન અને ઉપદેશ અંગે માહિતી મેળવી શકશે.

. . . . . . . . . . . . . . . .

## SBI-RURAL POVERTY RESEARCH

ભારતમાં ગ્રામીણ ગરીબીનો દર નાણાકીય વર્ષ 2011-12માં 25.7 ટકા હતો, જે નાણાકીય વર્ષ 2023-24માં નોંધપાત્ર રીતે ઘટીને 4.86 ટકા થયો છે. સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાના વપરાશ ખર્ચ સર્વેક્ષણ પરના સંશોધન મુજબ છેલ્લા 12 વર્ષમાં શહેરી ગરીબી 13.7 ટકાથી ઘટીને 4.09 ટકા થઈ છે.

સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાનું આ સંશોધન દર્શાવે છે કે, ગ્રામીણ ગરીબીમાં તીવ્ર ઘટાડાનું કારણ સરકારી સમર્થનના કારણે નબળા વર્ગોમાં વપરાશમાં વધારો છે. સંશોધનમાં જાણવા મળ્યું કે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો માત્ર ખાદ્યપદાર્થો પર જ નહીં, પરંતુ કુલ ખર્ચને પણ અસર કરે છે.

સંશોધન મુજબ, શહેરી ગરીબી હજી ઘટાડો આવી શકે છે. એકંદરે, ભારતમાં ગરીબીનો દર હવે ચાર ટકાથી ચાર પૉઇન્ટ પાંચ ટકાની વચ્ચે હોઈ શકે છે. ગ્રામીણ અને શહેરી માસિક માથાદીઠ વપરાશ ખર્ચ વચ્ચેનો તફાવત હવે ઘટીને 69.7 ટકા થયો છે. આ સુધારો મુખ્યત્વે સરકારી પહેલો જેમ કે, ગ્રામીણ માળખાકીય સુવિધાઓનો વિકાસ, ખેડૂતોની આવકમાં વધારો અને ગ્રામીણ આજીવિકામાં નોંધપાત્ર સુધારાના કારણે છે.

. . . . . . . . . . . . . . . .

# SCIENTIST RAJGOPAL DEMISE

પોખરણ પરમાણુ પરિક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવનારા દેશના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર ડૉક્ટર રાજગોપાલ ચિદમ્બરમનું આજે સવારે 88 વર્ષની મુંબઇમાં વયે અવસાન થયું છે.

ડૉક્ટર રાજગોપાલ ચિદમ્બરમનો જન્મ 11 નવેમ્બર 1936ના રોજ ચેન્નઈમાં થયો હતો. તેઓ ભારતના પરમાણુ હથિયાર કાર્યક્રમમાં મહત્વની ભૂમિકા માટે જાણિતા હતા. તેમણે વર્ષ 1975માં પોખરણ એક અને વર્ષ 1998માં પોખરણ 2 પરમાણુ પરિક્ષણમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. વર્ષ 1975 અને વર્ષ 1999માં તેમને પદ્મશ્રી અને પદ્મવિભૂષણથી સન્માનિત કરાયા હતા.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગા મ્યુઝિક )

. . . . . . . . . . . . . . .

## REV. DIGITAL PERSONAL DATA - DRAFT

**કેન્દ્ર સરકારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન રૂલ્સ 2025નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ડ્રાફ્ટ નિયમો પરામર્શ માટે ખુલ્લા છે અને લોકોના મંતવ્યો માંગ્યા છે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, 2023ને ઓગસ્ટ 2023માં રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી. માર્ગદર્શિકામાં બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ખોલવા ફરજિયાત અને ચકાસી શકાય તેવી માતાપિતાની સંમતિનો પ્રસ્તાવ મુકાયો હતો. ડ્રાફ્ટ નિયમો પર લોકોના મંતવ્યો 18 ફેબ્રુઆરી સુધી MyGov પોર્ટલ દ્વારા વ્યક્ત કરી શકાશે.**

. . . . . . . . . . . . . . . .

## REV COLD NORTH INDIA

ઉત્તર ભારતના કેટલાક ભાગમાં તીવ્ર ઠંડી અને ગાઢ ધુમ્મસથી સામાન્ય જનજીવન અસરગ્રસ્ત થયું છે. આજે સવારે ગાઢ ધુમ્મસ છવાતા અનેક વિસ્તારમાં દ્રશ્યતા એટલે કે, વિઝિબલિટી શૂન્ય સુધી પહોંચતા હવાઈ અને રેલવે વ્યવહારને અસર થઈ છે. ઇન્દિરા ગાંધી આંતર-રાષ્ટ્રીય હવાઈ મથક પર ઓછી દ્રશ્યતાના કારણે અનેક ફ્લાઈટ મોડી હોવાના સમાચાર છે. આ તરફ દિલ્હી આવતી માલવા, ફરક્કા, પદ્માવત, શ્રંજીવી, અહેમદાબાદ રાજધાની, તમિલનાડુ અને ગોંડવાના એક્સપ્રેસ જેવી 49 ટ્રેન ચાર કલાક મોડી ચાલી રહી છે,

હવામાન વિભાગે આગામી 2 દિવસ ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતના કેટલાક ભાગમાં ગાઢ ધુમ્મસ અને શીતલહેરની સ્થિતિ યથાવત્ રહેવાની આગાહી કરી છે. જ્યારે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના અલગ અલગ વિસ્તારમાં તેમજ ઉત્તરપ્રદેશના કેટલાક ભાગમાં રાત્રે અને સવારે ગાઢ ધુમ્મસ રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . .

## WORLD BRAILLE DAY

આજના ચોથી જાન્યુઆરીના દિવસને વિશ્વ બ્રેઈલ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. પ્રજ્ઞાચક્ષુ અને આંશિક દ્રષ્ટિ ધરાવતા લોકો માટે સંદેશા વ્યવહારના સાધન તરીકે બ્રેઈલના મહત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે આ દિવસની ઉજવણી કરાય છે.

વર્ષ 2018માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બ્રેઈલ પ્રણાલિના વિચારક લુઈસ બ્રેઈલની જયંતી નિમિત્તે ચાર જાન્યુઆરીને વિશ્વ બ્રેઈલ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. પ્રજ્ઞાચક્ષુ અને આંશિક દ્રષ્ટિ ધરાવતા લોકો પુસ્તકો અને પત્રિકાઓ વગેરે વાંચવા માટે બ્રેઈલ ભાષાનો ઉપયોગ કરે છે.

ભારતમાં સરકારે પ્રજ્ઞાચક્ષુ લોકોને તેમના અધિકારો, શિક્ષણ, રોજગાર અને એકંદર સુખાકારી માટે સશક્ત બનાવવા અનેક પગલાં લીધાં છે.

. . . . . . . . . . . . . . . .

## WORLD BRAILLE DAY- BLIND FED

વિશ્વ બ્રેઈલ દિવસની ઉજવણી અંતર્ગત નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઈન્ડ દ્વારા આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઈન્ડના જનરલ સેક્રેટરી એસ કે રૂંગટાએ જણાવ્યું હતું કે આજકાલ ટેકનોલોજીના આગમન સાથે લોકો બ્રેઈલનો વિકલ્પ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે બ્રેઈલને બધા માટે સુલભ બનાવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઈએ.

વિશ્વ બ્રેઈલ દિવસ નિમિત્તે આજે દેશભરના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે બ્રેઈલ વાંચન, લેખન અને ડિબેટ જેવી રાષ્ટ્રીયકક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું.

. . . . . . . . . . . . . . . .

## REV BIHAR PRAKASH PARV

10મા અને છેલ્લા સિખ ગુરુ ગોવિંદ સિંહજીની 358મી જન્મજયંતી નિમિત્તે પ્રકાશ ઉત્સવની ત્રણ દિવસની ઉજવણીનો આજે સવારે બિહારના પટના ખાતે તખ્ત શ્રી હરિમંદિર સાહિબ ખાતે પ્રારંભ થયો. તખ્ત શ્રી હરિમંદિર સાહિબ ખાલસા પંથના સ્થાપક ગુરુ ગોવિંદ સિંહજીનું જન્મસ્થળ છે. દેશ-વિદેશથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉજવણીમાં ભાગ લેવા પટના સાહિબ પહોંચી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

## ISL FOOTBALL

ઓડિશામાં ભુવનેશ્વરના કલિન્ગા સ્ટૅડિયમમાં રમાયેલી ઇન્ડિયન સુપર લીગ ફૂટબૉલ ટૂર્નામેન્ટમાં આજે ઓડિશા એફ.સી એફ.સી. ગોઆ સામે રમશે. આ મેચ સાંજે 5 વાગ્યે શરૂ થશે. જ્યારે બીજી મેચમાં જમશેદપુરના જેઆરડી તાતા સ્પૉર્ટસ કૉમ્પ્લેક્સમાં જમશેદપુર એફ.સી. બેંગ્લોર એફ.સી. સામે રમશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે રમાશે.

આ પહેલા ગઈકાલે રાત્રે આસામના ગુવાહાટીમાં ઇન્ડિયન સુપર લીગ ફૂટબૉલ ટૂર્નામેન્ટમાં નૉર્થ ઇસ્ટ યુનાઈટેડ એફ.સી. અને મોહમ્મડન એફ.સી. વચ્ચેની મેચ ડ્રૉ રહી હતી. બંને ટીમ આ મેચમાં કોઈ ગૉલ ન કરી શકી.

. . . . . . . . . . . . . . . .

## CRICKET

સિડનીમાં ઑસ્ટ્રેલિયા સાથે બૉર્ડર ગાવસ્કર ટ્રૉફી શ્રેણીની નિર્ણાયક પાંચમી અને છેલ્લી ક્રિકેટ ટેસ્ટ મેચનો આજે બીજો દિવસ છે. હાલમાં મળતા અહેવાલ મુજબ, ભારતે અત્યાર સુધી 6 વિકેટ ગુમાવી 141 રન બનાવ્યા છે.

આ પહેલાં, ઑસ્ટ્રેલિયાની ટીમ પહેલી ઇનિંગમાં 181 રન બનાવી ઑલઆઉટ થઈ હતી. આજે ઑસ્ટ્રેલિયાએ ગઈકાલના સ્કોર પર એક વિકેટે નવ રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. પોતાની પહેલી મેચ રમી રહેલા બીયૂ વેબસ્ટર્ને સૌથી વધુ 57 રન બનાવ્યા હતા. મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ ત્રણ ત્રણ વિકેટ લીધી હતી. જ્યારે સુકાની જસપ્રીત બુમરાહ અને નીતિશકુમાર રેડ્ડીએ બે-બ2 ખેલાડીને આઉટ કર્યા હતા. આ પહેલા ભારતે પહેલી ઇનિંગમાં 185 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## TENNIS

ટેનિસમાં, ભારતના સુમિત નાગલે આજે ઓકલેન્ડમાં ASB ક્લાસિક ટૂર્નામેન્ટના મેન્સ સિંગલ ક્વોલિફાયર્સમાં ન્યૂઝીલેન્ડના એલેક્ઝાન્ડર ક્લિન્ટચારોવને 1-6, 6-3, 6-1થી હરાવી જીત મેળવી હતી. આવતીકાલે અંતિમ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં તેનો મુકાબલો ફ્રાન્સના એડ્રિયન મન્નારિનો સામે થશે.

. . . . . . . . . . . . . . . .

# ISRAEL- HAMAS CEASEFIRE

હમાસે પુષ્ટિ કરી છે કે, ગાઝા પટ્ટીમાં સંપૂર્ણ યુદ્ધવિરામ હાંસલ કરવાના ઉદ્દેશ સાથે કતારના દોહામાં ઇઝરાયેલ સાથે પરોક્ષ વાતચીત શરૂ થઈ છે. હમાસે જણાવ્યું કે, તાજેતરની વાટાઘાટોમાં વ્યાપક અને અસ્થાયી યુદ્ધવિરામ અને ગાઝામાંથી ઇઝરાયેલી સૈનિકોને પરત ખેંચવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. વિસ્થાપિત પેલેસ્ટિનિયનોની સલામત અને તાત્કાલિક વાપસી એ પણ વાટાઘાટોનું લક્ષ્ય છે.

આ પહેલા ગુરુવારે ઇઝરાયેલે જણાવ્યું હતું કે, તેમણે યુદ્ધવિરામ વાટાઘાટો માટે દોહામાં એક પ્રતિનિધિમંડળ મોકલ્યું છે. અગાઉ, પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ એક નિવેદનમાં પુષ્ટિ કરી હતી કે મોસાદ, શિન બેટ અને ઇઝરાયેલ સંરક્ષણ દળોના અધિકારીઓનું પ્રતિનિધિમંડળ વાતચીત યથાવત્ રાખશે. કતાર, ઇજિપ્ત અને

અમેરિકાની મધ્યસ્થી હેઠળ એક વર્ષથી વધુ સમયથી વાતચીત ચાલી રહી છે.

દરમિયાન, ઇઝરાયેલના સંરક્ષણ મંત્રીએ કડક ચેતવણી આપતાં કહ્યું હતું કે, જો હમાસ બંધકોને મુક્ત કરવા ટૂંક સમયમાં સમજૂતી માટે સંમત નહીં થાય તો ઇઝરાયેલ ગાઝામાં તેની સૈન્ય કાર્યવાહીને વધુ તીવ્ર બનાવશે.

. . . . . . . . . . . . . . . .